# Passport Seva Divas 2020

June 24, 2020

## પાસપોર્ટ સેવા દિવસ 2020

જૂન 24, 2020

24 જૂન 1967 નાં રોજ કાર્યરત કરવામાં આવેલા પાસપોર્ટ અધિનિયમની યાદગીરીમાં વિદેશ મંત્રાલય દ્વારા 24 જૂન 2020 નાં રોજ પાસપોર્ટ સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગને અંકિત કરવા માટે વિદેશ મંત્રાલય દ્વારા વિશેષ ઈવેન્ટ યોજવામાં આવી હતી જેમાં માનનિય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને વિદેશ મંત્રાલયનાં માનનીય રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરને વિડીયો કોન્ફરન્સ મારફત પાસપોર્ટ અધિકારીઓને સંબોધ્યા હતા.

પોતાનાં પ્રેરક સંબોધનમાં, વિદેશ મંત્રીએ નોંધ લીધી હતી કે વર્તમાન સરકારનાં છેલ્લા છ વર્ષો દરમિયાન પાસપોર્ટ વિતરણ તંત્રમાં સંપૂર્ણ રૂપાંતરણ કરવામાં આવ્યું હતું. પાસપોર્ટ જારી કરતી સત્તાધિકારીતાઓ (PIA) દ્વારા ભારતમાં અને વિદેશમાં 2019 માં 1.22 કરોડ કરતા વધારે પાસપોર્ટ જારી કરવામાં આવ્યા હતા. દેશમાં કાર્યરત પાસપોર્ટ કેન્દ્રોની કુલ સંખ્યા 517 છે, જેમાં 93 પાસપોર્ટ સેવા કેન્દ્રો (PSK) અને 424 પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો (POPSK) નો સમાવેશ થાય છે. તેણે જણાવ્યું હતું કે વિદેશ મંત્રાલયનું ધ્યાન દેશમાં વધારે પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો (POPSKs) ખોલીને પાસપોર્ટ સેવા લોકો સુધી વધારે નજીક લઇ જવાનાં પ્રયાસોને વધારે મજબૂત કરવામાં આવશે. વૈશ્વિક પહોંચ મહાવરાનાં ભાગરૂપે, વિદેશમાં 95 ટકા કરતા વધારે પાસપોર્ટ જારી કરતા 70 મિશનો અને પોસ્ટ્સમાં પાસપોર્ટ જારીકરણ તંત્રોનું સંકલન કર્યું છે. તેણે પુનઃઉચ્ચારણ કર્યું હતું કે પાસપોર્ટ બનાવવાનાં નિયમો અને પ્રક્રિયાઓ વધારે સરળ બનાવવા પ્રયાસો ચાલુ રાખવા અનિવાર્ય છે. વધુમાં, આધુનિક ટેકનોલોજીનાં ઉપયોગનો ફાયદો કામગીરીઓ કરવી અનિવાર્ય છે. એમપાસપોર્ટ (mPassport) પોલિસ અને એમપાસપોર્ટ (mPassport) સેવા ઍપ જેવી શરૂઆતો તંત્રોમાં સુધારાઓ કરવા અને ગ્રાહકોનાં સંતોષ તરફ દોરી ગઈ છે. આ સંદર્ભમાં ઇ-પાસપોર્ટનું નિર્માણ એક અન્ય અગત્યનું પગલું હશે.

પોતાનાં સંબોધનમાં, રાજ્ય કક્ષાનાં મંત્રીએ આપણા નાગરિકોનાં લાભ માટે પારદર્શક અને કાર્યદક્ષ પાસપોર્ટ વિતરણ તંત્રો સુનિશ્ચિત કરવા માટે ભારતમાં અને વિદેશમાં તમામ PIA નાં પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેણે એ પણ નોંધ લીધી હતી કે મજબૂત ફરિયાદ નિવારણ યંત્રણા કે જેની CPGRAMS માં તેની કાર્યદક્ષતા બદલ ઓળખ કરવામાં આવી હતી તેનાંથી આપણી સેવાઓનાં વિતરણમાં વધારે સુધારો કર્યો હતો.

શ્રેષ્ઠ કામગીરી કરતી પોસ્ટ ઓફિસો અને સેવા પ્રદાતાનાં કર્મચારીઓ માટે પાસપોર્ટ સેવા પુરસ્કારો જાહેર કરવામાં આવ્યા હતા. પોલિસ વેરિફિકેશન પાસપોર્ટ જારી કરવાની પ્રક્રિયાનો એક મહત્વનો ઘટક હોવાથી, ઝડપી પોલિસ ક્લીયરન્સ પ્રદાન કરવામાં પોલિસ વિભાગોનાં પ્રયોસાનો વિશેષ નોંધ લેવામાં આવી હતી.

**નવી દિલ્હી**
**જૂન 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.